# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

બહુમાળી ભવન, એ વિંગ , રૂમ નં-૧૦૭ થી ૧૧૧, અમરેલી

ફોન નં- (૦૨૭૯૨) ૨૨૨૯૩૬

E-Mail : amrelideo@gmail.com

Website : www.deoamreli.com


Azadi Ka Amrit Mahotsav

ક્રમાંક:યજન/ક્વિઝ/૨૦૨૨-૨૩/7179 તા.૧૭/૧૧/૨૦૨૨

પરીપત્ર નં..230

પ્રતિ,

આચાર્યશ્રી,

માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,

જિ.અમરેલી.

વિષય:-Gujarat STEM Quiz 2.0 માં ધો.૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ ભાગ લેવા બાબત.

સંદર્ભ:- સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી માધ્યમિકના પત્ર ક્રમાંક:ધ/પરચ/૨૦૨૨/૨૨૩૬૬-૪૧૦ તા.૧૭/૧૧/૨૦૨૨

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત કાઉન્સિલ એન્ડ સાયન્સ અને ટેકનોલોજી, વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ, ગાંધીનગર દ્વારા ગુજરાત સ્ટેમ ક્વિઝ ૨.૦ નું આયોજન કરવામાં આવ્યુ છે. ગુજરાત સ્ટેમ ક્વિઝનું ધ્યેય વિદ્યાર્થીઓમાં સાયન્સ, ટેકનોલોજી, ઈજનેરી અને ગણિત(સ્ટેમ) ક્ષેત્રે ઉત્સાહ વધારવાનું અને પ્રેરણા આપવાનું છે.

આ પ્રવૃતિમાં શાળાના તમામ વિદ્યાર્થીઓ (ધો.૯ થી ૧૨) ભાગ લઈ શકશે તથા આ કાર્યક્રમ અંગેની વિશેષ માહિતી મેળવવા માટે જિલ્લાના લોક વિજ્ઞાન કેન્દ્ર અથવા ગુજકોસ્ટ કચેરીનો સંપર્ક કરવા વિનંતી છે.

ક્વિઝના શરતો તથા નિયમો આ સાથે સામેલ બિડાણમાં દર્શાવવામાં આવેલ છે. શાળા કક્ષાએથી વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ભાગ લે તે માટે આપની કક્ષાએથી વિદ્યાર્થીઓને જરૂરી સુચના તથા માર્ગદર્શન આપવા જણાવવામાં આવે છે.

વધુ માહિતી અને ક્વિઝનું રજીસ્ટ્રેશન: www.stemquiz.gujarat.gov.in પરથી કરવાનું રહેશે. સ્ટેમ ક્વિઝ ૨.૦ ના રજીસ્ટ્રેશન કરવાની છેલ્લી તારીખ ૩૧ મી ડિસેમ્બર,૨૦૨૨ છે.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

**બિડાણ:-**

STEM Quiz પત્ર

ઈ-મેઈલ

ક્રમાંક: ધ/માધ્ય/પરચ/૨૦૨૨/ ૨૨૩૬૯-૪૧૦

કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.૧૭/૧૧/૨૦૨૨

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: ૨૦૩૦
શાખાનું નામ: (સરકારી યોજના)
તારીખ: ૧૭-૧૧-૨૨
સહી:

પ્રતિ,
જેલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : Gujarat STEM Quiz 2.0 માં ધોરણ-૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ ભાગ લેવા બાબત.
સંદર્ભ : ગુજકોસ્ટ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: GUJCOST/STEM/2022-23/2405, તા.૯/૧૧/૨૦૨૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત કાઉન્સિલ એન્ડ સાયન્સ અને ટેકનોલોજી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગાંધીનગર દ્વારા ગુજરાત સ્ટેમ ક્વિઝર ૨.૦ નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્ટેમ કવીઝની ઔપચારિક જાહેરાત માનનીય શિક્ષણમંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી દ્વારા ૨૯મી ઓકટોબર, ૨૦૨૨ના રોજ કરવામાં આવી હતી. ગુજરાત સ્ટેમ ક્વિઝનું ધ્યેય વિદ્યાર્થીઓમાં સાયન્સ, ટેક્નોલોજી, ઇજનેરી અને ગણિત (સ્ટેમ) ક્ષેત્રે ઉત્સાહ વધારવાનું અને પ્રેરણા આપવાનું છે. આ વખતે આ ક્વિઝ તમામ રાજ્યોની ભાગીદારી સાથે રાષ્ટ્રીય સ્તરની ઇવેન્ટ હશે. જેથી તમામ રાજ્યના વિદ્યાર્થીઓમાં સ્ટેમ બાબતે ભાગ લેવામાં, જ્ઞાનમાં અને જાગૃતિમાં અભિવૃદ્ધિ થશે.

ભારતના તમામ રાજ્યના વિદ્યાર્થીઓ આ કવીઝમાં ભાગ લેવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ પ્રવૃતિમાં શાળાના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે તે હેતુથી આ અંગેનો પરિપત્ર કરવા રાજ્યના તમામ જિ.શિ.અ.શ્રીઓને જાણ કરવામાં આવેલ છે. તદઅનુસાર ચાલુ સાલે આ કવીઝમાં રાજયની તમામ શાળાઓના વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ભાગ લેવા વિનંતી કરવામાં આવી છે. આ કાર્યક્રમ અંગે વિશેષ માહિતી મેળવવા માટે જીલ્લાના લોક વિજ્ઞાન કેન્દ્ર અથવા ગુજકોસ્ટ કચેરીનો સંપર્ક કરવા વિનંતી છે.

૧. આ કવીઝ જીલ્લા અને રાજ્ય સ્તરની સ્પર્ધા ઓફલાઇન માધ્યમથી યોજવામાં આવશે. અંતિમ સ્પર્ધા ઓફલાઇન માધ્યમથી યોજવામાં આવશે. કવીઝની ભાષા ગુજરાતી / અંગ્રેજી હશે.
૨. આ ક્વિઝમાં ભારત દેશના તમામ રાજ્ય / કેન્દ્રશાસિત પ્રદેશના કોઈપણ બોર્ડ અથવા માધ્યમના ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકે છે. કોઈ પણ પ્રકારની નોંધણી ફીઝ રાખવામાં આવેલ નથી.
૩. સાયન્સ, ટેક્નોલોજી, ઇજનેરી અને ગણિત (સ્ટેમ) ક્ષેત્રે હાલના વિકાસ અને વલણો પર આધારિત પ્રશ્નો પૂછવામાં આવશે. ક્વિઝના પ્રશ્નો મુખ્યત્વે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરના રહેશે.
૪. આ પ્રતિયોગીતા અંતર્ગત વિદ્યાર્થીઓને ૨ કરોડ સુધીના ઈનામો આપવામાં આવશે અને અંતિમ સ્પર્ધામાં પસંદ પામેલા દરેક વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે. ઈનામની રકમ ઉપરાંત આ કાર્યક્રમના ભાગરૂપે વિજેતા વિદ્યાર્થીઓ બુટકેમ્પમાં ભાગ લઈ શકશે તેમજ સાયન્સ સિટી, ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન, ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન અને ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર જેવી અગ્રણી વૈજ્ઞાનિક સંસ્થાઓની મુલાકાત લેશે.
૫. વધુ માહિતી અને ક્વિઝનું રજીસ્ટ્રેશન: www.stemquiz.gujarat.gov.in પરથી કરવાનું રહેશે. STEM Quiz ૨.૦ ના રજીસ્ટ્રેશન કરવાની **છેલ્લી તારીખ ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૨** છે.

ઉપરોકત ક્વિઝમાં રાજ્યના ધોરણ ૯ થી ૧૨ માં અભ્યાસ કરતા વધુમાં વધુ વિદ્યાર્થીઓ જોડાય અને ભાગ લે તે માટે આપના તાબા હેઠળની તમામ શાળાઓને સત્વરે આ અંગે જરૂરી સૂચના આપવા/જાણ કરવા આથી જણાવવામાં આવે છે.

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર.

નકલ રવાના જાણ સારૂ :-સલાહકારશ્રી, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગુજરાત સરકાર, બ્લોક-બી, ૭મો માળ, બહુમાળી ભવન,સેકટર-૧૧, ગાંધીનગર: ૩૮૨૦૧૧